# <u>દિવાની પરચુરણ અરજી નંબર : ૨૩/૨૦૨૬</u>

(ભૌતિક હરસુખભાઇ દોંગા - વિરૂધ્ધ - ડો.બાખલકીયા)

## <u>આંક-૧ ની અરજી લગત હુકમ.</u>

(૧) આ કામે અરજદાર/વાદી ધ્વારા આ કામના સામાવાળા/પ્રતિવાદી વિરૂધ્ધ રે.દિ.મુ.નં.૩૧૭/૨૦૧૫ થી વળતર મેળવવા દાખલ કરેલ, જે દાવો નામંજુર થતા તેની સામે અરજદાર/વાદીએ રે.દિ.અપીલ નં.૭૭/૨૦૧૮ થી નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટમાં અપીલ દાખલ કરેલી, જે અપીલ તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટે મંજુર કરતા રૂા.૧,૦૦,૦૦૦/- ૮% વ્યાજ સાથે ચૂકવવા પ્રતિવાદી સામે હુકમ કરેલ, જે હુકમની બજવણી માટે અરજદાર/વાદી ધ્વારા રેગ્યુલર દરખાસ્ત નં.૧૦૬/૨૦૨૫ થી બજવણી અરજી દાખલ કરેલ, જે અન્વયે પ્રતિવાદીએ નામદાર કોર્ટમાં હુકમ મુજબની રકમ રૂા.૨,૪૧,૦૦૦/- જમા કરાવેલ છે, જે રકમ નાઝીરશ્રી ચૂકવી આપે તેવો હુકમ ફરમાવવા હાલની અરજી લાવી અરજ કરેલ છે.

(૨) અરજીના અનુસંધાને સામાવાળા/પ્રતિવાદીને નોટિસ કરવામાં આવતા, આંક-૪ ની વિગતે ધોરણસર બજી ગયેલ છે અને વળતરની રકમ અરજદાર/વાદીને ચૂકવવામાં આવે તો વાંધો નથી તેવો દરખાસ્ત અરજી લગત શેરો કરી આપેલ છે.

(૩) અરજદાર/વાદી તરફે તેમના વિ.વકીલશ્રીને સાંભળ્યા. અરજદાર/વાદી તરફે આંક-૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની ૩/૧ થી રે.દ.નં.૧૦૬/૨૦૨૫ ની અરજી અને તે તળેના હુકમ અને નિશાની ૩/૨ થી અરજદાર/વાદીના આધાર કાર્ડની નકલ રજુ રાખેલ છે, જે ધ્યાને લીધેલ છે.

(૪) આ કામે અરજી લગત નાઝીરશ્રીએ કરેલ શેરો ધ્યાને લેતા રે.દિ.દરખાસ્ત નં.૧૦૬/૨૦૦૬ ના કામે લેજર ''જે'' નં.૧૦, પાના નં.૧૩૮ પર ''ડી'' નં.૩૪૨/૨૫-૨૬, તા.૧૬/૦૨/૨૦૨૬ થી રૂા.૨,૪૧,૦૦૦/- ની ફીકસ ડીપોઝીટ થયેલ છે. આમ, સામાવાળા/પ્રતિવાદી ધ્વારા રકમ જમા કરાવેલ હોવાનું જણાય આવે છે અને અરજદાર/વાદીની અરજી અન્વયે જમા થયેલ રકમ ચૂકવવા સામે આ કામના

.

સામાવાળા/પ્રતિવાદી તરફે કોઇ વાંધા લીધેલ ન હોય સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

અરજદાર/વાદીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

અત્રેની કોર્ટના નાઝીરશ્રીને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, આ કામે સામવાળા/પ્રતિવાદી ધ્વારા જમા થયેલ રકમ રૂા.૨,૪૧,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ એકતાલીસ હજાર પુરા) ની ફીકસ ડીપોઝીટ કરાવવામાં આવેલ હોય, જે ફીકસ ડીપોઝીટ રીલીઝ કરી મુદલ રકમ તથા વ્યાજ સહિતની રકમ આ કામના અરજદાર/વાદી ભૌતિક હરસુખભાઇ દોંગા ના નામનો એકાઉન્ટ પેઇ ચેક ઇસ્યુ કરી અરજદાર/વાદીને ઓળખના પુરાવાની ખાત્રી કરી સોંપવાનો અને તે બાબતેનો રીપોર્ટ અત્રેના કામે રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ રે.દિ.દરખાસ્ત નં.૧૦૬/૨૦૨૫ ના કામે સામેલ રાખવી.

આ હુકમ આજ તારીખ પહેલી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૦૧/૦૪/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ. (GJ-00862)

.